ઈન્ફોસીટી શોપીંગ મોલ ખાતે દુકાનમાંથી મોબાઈલ ચોરી કરનાર શખ્સ પકડાયો

## @ગાંધીનગર

● ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલાને પુનઃ રાજયસભામાં મોકલવાનો નિર્ણય રાષ્ટ્રીય મોવડી મંડળે કર્યો છે. આજે તેઓ સવારે ૧૧ કલાકે રાજયસભાના સંસદસભ્ય તરીકે નામાંકન પત્ર ભરશે.

# નગરમાં હવે પ્રિ-મોન્સુન કામગીરીની અતિ આવશ્યકતા

### વૃક્ષોનું ટ્રીમીંગ, નમી પડેલા અને સુકાઈ ગયેલા વૃક્ષોનો નિકાલ તથા ગટર સાફ-સફાઈ સાથે વરસાદી પાણી અંગે આગોતરૂ આયોજન જરૂરી

ગાંધીનગર, તા. ૨૯

ચોમાસા પહેલા શહેરમાં પ્રિ-મોન્સુન કામગીરી શરૂ થઈ જતી હોય છે પરંતુ હજુ સુધી તંત્રએ આ અંગે કોઈ જ જરૂરી એક્શન શરૂ કરી ન હોવાથી શહેરીજનોમાં ચિંતા પેદા થઈ છે. હરીયાળા નગર તરીકે ઓળખાતા પાટનગરમાં ચોમાસા પહેલા વૃક્ષો અંગેની સાવચેતી માટે તેનું ટ્રીમીંગ, નમી પડેલા અને સુકાઈ ગયેલા વૃક્ષોનો નિકાલ ખુબ જ જરૂરી બને છે. વધુમાં ચોમાસા દરમ્યાન ભારે વાવાઝોડાથી વૃક્ષોના પડી જવાના બનાવો અકસ્માત સર્જશે અથવા માર્ગો અવરોધાશે તેવી દહેશત પણ વ્યક્ત થઈ રહી છે તો બીજી તરફ શહેરની ગટરોની સાફ સફાઈ સમયસર થાય તો વરસાદી પાણીના નિકાલ સહિત ઘરોમાં પાણી પાછુ પડવાના સંજોગો ઉભા ન થાય તે જરૂરી બન્યું છે. આમ તંત્ર સત્વરે પ્રિ-મોન્સુન કામગીરી હાથ ધરે તે અત્યંત આવશ્યક બન્યું છે.

શહેરમાં પ્રિ-મોન્સુન કામગીરી આમ તો એપ્રિલ અને મે માસ દરમ્યાન પુર્ણ કરી દેવાની હોય છે. જે કામગીરી જુનની શરૂઆત સુધી પણ ચાલતી હોય છે. પરંતુ ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા રાજ્યના પાટનગરમાં જ હજુ સુધી આ કામગીરીનો પ્રારંભ થયો નથી. તંત્ર પ્રિ-મોન્સુન કામગીરીનો અગાઉથી જ એકશન પ્લાન બનાવતી હોય છે છતાં હજુ સુધી તંત્રની આ દિશામાં કામગીરી દેખાઈ રહી નથી. ચોમાસુ દરવાજે દસ્તક મારી રહ્યુ છે અને ચોમાસા દરમ્યાન સર્જાતી સમસ્યાઓનું નિવારણ સરળતાથી થઈ શકે તેવા પગલાં અગાઉથી લેવાવા જોઈએ જે તંત્રએ મે માસ પુર્ણતાના આરે છતાં લીધા નથી.

શહેરના મુખ્ય માર્ગોની આજુબાજુ અસંખ્ય ઘટાદાર વૃક્ષો આવેલા છે. આ વૃક્ષો પૈકી અમુક વૃક્ષોની ડાળીઓ નમી પડેલી છે તો કેટલાક વૃક્ષો જ નમી પડેલા છે તો સુકાઈ ગયેલા વૃક્ષોની સંખ્યા પણ વધુ છે. આ બાબતે તંત્રએ સત્વરે ટ્રીમીંગ અને બિન જરૂરી વૃક્ષોના નિકાલની વ્યવસ્થા હાથ ધરવી જોઈએ. ચોમાસા દરમ્યાન અણધાર્યા વાવાઝોડા સહિતનો વરસાદ યમદૂત બનીને ત્રાટકે તે પહેલાં જોખમી વૃક્ષોનો નિકાલ થવો આવશ્યક બન્યો છે. માર્ગો ઉપર જોખમી વૃક્ષો જીવલેણ અકસ્માત ઉભા કરે અથવા માર્ગો અવરોધી શકવાની શક્યતાઓ પણ દેખાઈ રહી છે. તો શહેરની ગટરોની સત્વરે સાફ-સફાઈ થાય તે પણ જરૂરી બન્યુ છે. અતિ વરસાદમાં ગટરોના ચોકઅપ થકી ગટરોમાં પાણી બેક મારે છે તેમજ માર્ગો ઉપર પણ પાણીના સરોવર ભરાઈ જાય છે જેથી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ગંભીરતાથી આ પ્રિ-મોન્સુન કામગીરી હાથ ધરી શહેરીજનોને ચિંતામાંથી મુક્ત કરવા જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

## વાતવાતમાં

● અમદાવાદ ખાતે મોડી સાંજે ધીમી ધારે વરસાદ પડતાં ગાંધીનગર શહેરમાં ઠંડક પ્રસરી ગઈ હતી. તેમજ ગાંધીનગરમાં પણ વાદળ છવાતાં ગરમીથી કંટાળેલા નાગરિકો વરસાદ વરસવાથી રાહ જોતા બેઠા હતા.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની ખબર-અંતર પુછવા માટે આવતા સ્નેહીજનો પાસેથી મળી આવેલ બીડી-તમ્બાકુ, ગુટખા સહિતની ચીજવસ્તુઓ ટૂંક સમયમાં નાશ કરાશે.

● ધોરણ-૧૦ અને ૧૨ના પરિણામ બાદ વિવિધ શાળા-કૉલેજોમાં એડમિશન મેળવવા વિદ્યાર્થીઓ અને વાલીઓ આટાફેરા મારી રહ્યા છે.

● નવી આરટીઓ કચેરી પાસે આવેલા રહેણાંક વિસ્તારમાં ગાડીઓ પાર્ક થતાં રહિતો હેરાન-પરેશાન થઈ ગયા છે.

● ભારે ઉકળાટના પગલે વરસાદની આગાહી થઈ રહી છે. હવામાન વિભાગ અને જ્યોતિષ શાસ્ત્રના મત મુજબ એકાદ-બે દિવસમાં કમોસમી વરસાદનું ઝાપટું પડે એવી શક્યતા છે.

● ઘ-૪, ઘ-૨, ઘ-૫નું ડીશ-ગોળા બજાર ધમધોકાર ચાલી રહ્યું છે. આજકાલ ગરમીને પગલે વેકેશનના માહોલમાં સમગ્ર પરિવાર ડીશ-ગોળાની લ્હેજત માણી રહ્યા છે.

## રાજ્યસભા માટે પુરૂષોત્તમ રૂપાલા આજે ઉમેદવારી પત્ર ભરશે

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યસભા માટે ભાજપના ઉમેદવાર તરીકે પુરૂષોત્તમ રૂપાલા આવતીકાલે બપોરે ૧૧ કલાકે પોતાનું ઉમેદવારીપત્ર ભરશે.

ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ આજે જણાવ્યું હતું કે, ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને કિસાન આગેવાન પુરુષોત્તમ રૂપાલાની રાજ્ય સભાની એક બેઠક માટે ભાજપના ઉમેદવાર તરીકે પસંદગી કરવામાં આવી છે. રૂપાલા આવતીકાલે સવારે ૧૧.૩૦ વાગે પ્રદેશ અધ્યક્ષ વિજય રૂપાણી, મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પ્રદેશ આગેવાનો અને કાર્યકરોની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે રાજ્યસભા માટે ઉમેદવારીપત્ર નોંધાવશે. અત્રે નોંધનીય છે કે, ગુજરાતના રાજ્યસભાના કાંગ્રેસના સાંસદ પ્રવિણ રાષ્ટ્રપાલના અવસાનને કારણે ખાલી પડેલી બેઠક માટે ૧૧મી જૂનના દિવસે ચૂંટણી યોજાશે. રૂપાલાના નામની આજે જાહેરાત કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભામાં ભાજપને બે તૃત્યાંશ કરતા વધુ બહુમતિ હોવાથી ભાજપના ઉમેદવારનો વિજય નિશ્ચિત દેખાઈ રહ્યો છે. ભાજપ તથા કોંગ્રેસના ઉમેદવારો ૩૧મીએ ફોર્મ ભરવાની અંતિમ તારીખ અગાઉ તેમના આવેદનપત્રો ભરી દેશે અને આ ખાલી પડેલી બેઠકની પેટાચૂંટણીમાં વિજય મેળવનાર ઉમેદવારનો કાર્યકાળ પોણા બે વર્ષનો જ રહેશે. ભાજપના ઉમેદવાર તરીકે પરષોત્તમ રૂપાલાના નામની વિધિવત જાહેરાત આજે દિલ્હીથી કરવામાં આવી હતી. આજે જાહેરાત કરવામાં આવ્યા બાદ રૂપાલા આવતીકાલે તેમનું ઉમેદવારી પત્ર ભરશે.

# રતનપુર ગામની સરકારી શાળાના મેદાનમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

### રૂા. ૧૦,૬૫૦નાં મુદ્દામાલ સાથે ડભોડા પોલીસે પાંચેયની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૨૯

ડભોડા પોલીસે બામતીને આધારે ગઈ સાંજે રતનપુર ગામમાં સ્થિત સરકારી પ્રાથમિક શાળાના ખુલ્લા મેદાનમાં ઝાડ નીચે ચાલી રહેલા જુગાર ધામ પર દરોડો પાડ્યો હતો. પોલીસે રૂા. ૧૦,૬૫૦ની કિંતનો મુદ્દામાલ જપ્ત કરી પાંચ શકુનિઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે પાંચેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પી.એસ.આઈ. એન.એમ. ચૌધરીને ચોક્કસ બાતમી મળી હતી કે રતનપુર ગામે આવેલી પ્રાથમિક શાળાના ખુલ્લા મેદાનમાં લીમડાનાં ઝાડ નીચે કેટલાક તત્ત્વો ભેગા થઈને જુગાર રમી રહ્યા છે. જેને આધારે તેમની ટીમે દરોડો પાડી પાંચ શખ્સોને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. રતનપુર ગામના વિજય ડાહ્યા દંતાણી, પ્રવિણ ચંદુજી બિહોલા, અશોક ધનાજી બિહોલા, જગત હેમતાજી બિહોલા અને નરેન્દ્ર દશરથસિંહ બિહોલા મળી પાંચેય શખ્સોની અંગ જડતીમાંથી રૂા. ૯,૮૫૦ તેમજ દાવ પરની રોકડ રકમ રૂા. ૮૦૦ મળી કુલ રૂા. ૧૦,૬૫૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી પાંચેયની ધરપકડ કરવામાં આવી છે. ડભોડા પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરુ કરી.

## સરઢવ ગામની આથમણી ભાગોળ પાસે પાંચ જુગારીઓ પડકાયા

પેથાપુર પી.એસ.આઈ. ડી.બી. વાળાએ બાતમીને આધારે આજે સરઢવ ગામમાં સ્થિત આથમણી ભાગોળ પાસે પાણીની ટાંકી નજીક ખુલ્લી જગ્યામાં દરોડો પાડ્યો હતો ત્યાં જુગાર રમી રહેલા સરઢવના દિપક બાબુ પટેલ, દિપક વાસુ પટેલ, કલ્પેશ ગોકુલદાસ પટેલ, નિતેષ રમણભાઈ પટેલ અને સંજય રસીકભાઈ પટેલની રોકડ તથા પાંચ મોબાઈલ મળી કુલ ૨૦,૮૮૦ ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શબ્દાયન સંસ્થા દ્વારા અંબોળમાં જ્ઞાનસત્રનો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરની શબ્દાયન સંસ્થા દ્વારા ખેડા જિલ્લાના અંબોવ ગામે તા.૨૮ એ ૨૯ મે દરમિયાન દ્વિતીય જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના સાહિત્યકારો, કલાકારો અને ચિત્રકારો દ્વારા જ્ઞાનસભર વકતવ્ય રજૂ કરવામાં આવ્યા હતા. ચિત્રકાર ગણપતભાઈ પંડ્યાએ પૌરાણિક રંગો અંગે રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. જયારે નગરના વાઈલ્ડ લાઈવ ફોટોગ્રાફર નિકુંજ વૈશ્યએ શિયાળાની ઋતુ દરમિયાન ગુજરાતમાં વિદેશથી આવતા વિવિધ પક્ષીઓની તસ્વીરાનો લાઈટ શૉ રજૂ કર્યો હતો. આ દરમિયાન તેમણે પક્ષીઓને ગળ્યા તેમજ તળેલા પદાર્થો ન ખવડાવવાની અપીલ કરી, પક્ષીઓ વિશે રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. બે દિવસના જ્ઞાનસત્ર દરમિયાન સાહિત્યકારો, જયોતિષશાસ્ત્ર, ચિત્રકલા, તસ્વીરકારોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## કલોલ શહેર તાલુકા પેન્શનર મંડળ દ્વારા હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૯

તાજેતરમાં કલોલ શહેર તાલુકા પેન્શનર મંડળની સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે અધ્યક્ષ તરીકે મંગળભાઈ પ્રજાપતિ, પ્રમુખ તરીકે કાન્તિભાઈ પ્રજાપતિ, ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ અને પ્રભુદાનભાઈની વરણી કરાઈ હતી. તથા મંત્રી પદે બાબરભાઈ દેસાઈ, સહમંત્રી પદે પ્રહલાદભાઈ નાયી, સંગઠનમંત્રી પદે પુરુષોત્તમભાઈ આચાર્ય, ખજાનચીપદે ચંદુભાઈ પટેલ, સહખજાનચી પદે રતિભાઈ પટેલ, આંતરિક ઓડીટર પદે પોપટલાલ પંડ્યા, પ્રવક્તા પદે મનુભાઈ નાયક તેજમ હોદ્દેદારોની સાથે-સાથે ૨૬ સભ્યોની કારોબારી સમિતિ પણ સર્વાનુમતે બનાવવામાં આવી હતી.

## શ્રીકૃષ્ણ રસ પંચામૃત-સાંસ્કૃતિક કાર્યક્રમની રાજભવનમાં પ્રસ્તુતિ



ગાંધીનગર, તા.૨૯

શ્રીકૃષ્ણ પંચામૃત-સાંસ્કૃતિક કાર્યક્રમ રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી અને શ્રીમતી અવિનાશ કોહલીની પ્રેરક ઉપસ્થિતિમાં રજૂ કરાયો હતો.

શ્રીકૃષ્ણ રસ પંચામૃત કાર્યક્રમની પ્રસ્તુતિ ડૉ. જયંતી રવિ અને તેમના પરિવારના સભ્યો દ્વારા કથા-ભક્તિગાન તથા શાસ્ત્રીય નૃત્યના માધ્યમથી કરવામાં આવી હતી. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે ડૉ. જયંતી રવિ વરિષ્ઠ સચિવ હોવાની સાથે સાથે તેઓ ઉત્તમ કોટિના કલાના આરાધક છે. તેમણે ડૉ. રવિ અને તેમના પરિવારના સભ્યોની ભગવાન શ્રીકૃષ્ણની લીલાના તાદ્રશ્ર્ય દર્શન કરાવતી કલાને બિરદાવી હતી. અને ડૉ. જયંતી રવિ અને તેમના પરિવારના સભ્યોનું શાલ ઓઢાડીને સન્માન કર્યુ હતું. આ પ્રસંગે ગુરુમાતા તથા ભક્તિ-સંગીતના અનુરાગીઓ, રાજભવનના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સેક્ટર-૧માં નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર તથા શ્રી ગાયત્રી શક્તિપીઠના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૧ થી ૧૦ જૂન સુધી શ્રી ગાયત્રી શક્તિપીઠ, સેક્ટર-૧ ખાતે યોગ-ધ્યાન શિબિરનું નિઃશુલ્કપણે આયોજન કરવામાં આવ્યુંછે. સવારના ૭.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન યોગાસન, પ્રાણાયામ, ધ્યાન અને યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચુ શ્વસન, વિવિધ બીમારીઓમાં ઉપચાર માટે તથા રોકવા માટેના આસનો, પ્રાણાયમ, શારીરિક-માનસિક આરોગ્ય સહિતનું પ્રશિક્ષણ અપાશે.

# ઈન્ફોસીટી શોપીંગ મોલ ખાતે દુકાનમાંથી મોબાઈલ ચોરી કરનાર શખ્સ પકડાયો

### આરોપી પાસેથી ચાર મોબાઈલ મળી આવ્યા : પુછપરછ ચાલુ

ગાંધીનગર, તા. ૨૯

ઈન્ફોસીટી ખાતે સ્થિત સુપરમોલમાં આવેલી માહી મોબાઈલ શોપમાંથી મોબાઈલની ચોરી થવા પામી હતી. દુકાનમાલીકે આ મામલે પોલીસ ફરીયાદ કરતા ઈન્ફોસીટી પોલીસે સીસીટીવી કુટેજ તપાસી તેને પકડી પાડવા દોડધામ શરૂ કરી હતી. દરમ્યાન ગઈકાલે આ મોબાઈલ ચોરને ઈન્ફોસીટીથી પકડી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી ચાર મોબાઈલ મળી આવ્યા હતા. ઈન્ફોસીટી પોલીસે તેની ધરપકડ કરી બીજા મોબાઈલ અંગે પુછપરછ શરૂ કરી છે.

ઈન્ફોસીટી સુપરમોલમાં માહી મોબાઈલ નામની મોબાઈલ લે-વેચની દુકાન આવેલી છે. આ દુકાનમાંથી થોડા દિવસો પહેલા કોઈ શખ્સ મોબાઈલ ચોરી કરી ગયો હતો. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી હતી. આ મામલે ઈન્ફોસીટી પોલીસ મથકમાં દુકાન માલીક દિપકભાઈ પારકરાએ ફરીયાદ નોંધાવી હતી. આ મામલે પી.આઈ. પી.બી. ચૌહાણે વિવિધ ટીમો બનાવી સીસીટીવી કુટેજ તપાસી આરોપીને પકડવા તજવીજ શરૂ કરી હતી. દરમ્યાન ગઈકાલે તેમની ટીમે ઈન્ફોસીટીથી આ દુકાનમાંથી મોબાઈલ ચોરી કરી જનાર શખ્સ અજય શ્રવણકુમાર આનંદને પકડી પાડ્યો હતો. અજય આનંદની ધરપકડ કરી તપાસ કરતા તેની પાસેથી દુકાનમાંથી ચોરાયેલો માઈક્રોમેક્ષ મોબાઈલ મળી આવ્યો હતો. તે ઉપરાંત અન્ય ત્રણ મોબાઈલ પણ તેની પાસે હતા. ઈન્ફોસીટી પોલીસે તેની ધરપકડ કરી અન્ય મોબાઈલ વિશે ઊંડાણપૂર્વક પુછપરછ શરૂ કરી છે.

# સેવા તો હંમેશા પોતાના પરસેવાની કમાણીમાંથી જ કરવી જોઈએ

### સુખી-સંપન્ન પરિવારના દિવાબેન જૈફ વયે પણ ઘર વપરાશની ચીજવસ્તુઓ વેચવા પગે ચાલીને ફરે છે : આ ચીજવસ્તુઓના વેચાણમાંથી થતી તમામ આવક જરૂરિયાતમંદોની સેવા માટે વાપરે છે : જમાઈની સારવાર દરમિયાન નર્સના કાર્યથી પ્રેરાઈને તેને મદદરૂપ થવા ફેરી ચાલુ કરી હતી

ગાંધીનગર, તા. ૨૯

એક સુખી પરિવારના દિકરાએ પોતાની માતાને સવાલ કર્યો.. ''મમ્મી તુ શું કામ આ રીતે સાબુ, પાપડ, અથાણા, મસાલા




વેચવા ફરે છે, ભગવાને આપણને બધુ જ આપ્યું છે. તારે સેવા જ કરવી છે ને, તો હું તને તુ કહે એટલા પૈસા આપુ પણ તુ આમ થેલા લઈને ફરવાનુ બંધ કર. માતાએ પ્રેમથી જવાબ આપ્યો ''બેટા, દરેકે એવા કાર્ય હંમેશા પોતાના પરસેવાના પૈસે જ કરવુ જોઈએ, મારે સેવા કરવી છે તો તેના માટે મારે મારી મહેનતથી જ કમાઈને વાપરવુ જોઈએ.''

ગાંધીનગરના સેક્ટર-૪માં રહેતા સુખપરિવારના ૬૯ વર્ષીય દિવાબેન પટેલ આટલી ઉંમરે પણ વહેલી સવારથી નિત્યક્રમ પતાવી સેવાકાર્યમાં પ્રવૃત્ત થઈ જાય છે. સવારે જાતે લાપશી બનાવી સોસાયટીના કૂતરાને ખવડાવવી તે તેમનું રોજીંદુ કામ. પછી ૯ વાગ્યાથી થેલો ઉપાડીને નીકળી પડે, થેલામાં હોય ન્હાવા-ધોવાના સાબુ, ફિનાઈલ, મઠિયા-પાપડ-અથાણા, હિંગ-મસાલા જેવી ઘરગથ્થુ વપરાશની ચીજવસ્તુઓ. પગપાળા ચાલીને જઈ શકાય તેવા તમામ સેક્ટરમાં ચાલતા ઘરે ઘરે ફરીને આ ચીજવસ્તુઓનું વેચાણ કરે. બપોરે ૧૨ વાગે પરત ફરી ઘરના કામકાજમાં પરોવાઈ જાય. વળી સાંજે ફરી સાડા પાંચ વાગે થેલો લઈ નીકળી પડે તો સાંજે સાડાસાત આઠ વાગે પરત ફરે. આ ચીજવસ્તુઓના વેચાણમાંથી થતી તમામ આવક દાન-સેવામાં વાપરવાની, એક પણ પૈસો ઘર માટે વાપરવાનો નહી તેવો કડક નિયમ. ૧૫ વર્ષથી પણ વધુ સમયથી ચાલતી તેમની આ પ્રવૃત્તિ કેવી રીતે પ્રારંભ થઈ તેના પાછળ પણ રસપ્રદ કહાની છે.

આજથી લગભગ ૧૯ વર્ષ પહેલા દિવાબાના જમાઈ જેઓ જીઈબીમાં નોકરી કરતા હતા તેમને ફરજ દરમિયાન ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. લાઈન ફોલ્ટની ફરિયાદ સોલ્વ કરવા નીકળ્યા હતા ત્યારે ભૂલથી જે થાંભલે કરન્ટ ચાલુ હતો ત્યાં ચઢી જતા



વીજકરંટનો ભોગ બન્યા હતા. આ અકસ્માતમાં તેમના સરીરનો અડધો કમરથી નિચેનો ભાગ કામ કરતો બંધ થઈ ગયો. દિવાબેને લાંબા સમય સુધી ચાલેલી જમાઈની સારવારની જવાબદારી ઉઠાવી હતી એટલુ જ નહિ દિકરીને તેના સંતાન સહિત પોતાના ઘરે રાખી તેના પરિવારને સાચવી લીધો હતો. જમાઈની સારવાર માટે સિવિલ હોસ્પિટલના એક સેવાભાવી નર્સ જશોદાબેન પરમાર વિના મૂલ્યે ડ્રેસિંગ કરવુ, ઈન્જેકશન આપવુ જેવી સેવાઓ આપવા આવતા હતા. આ જશોદાબેન પોતાની કૌટુંબિક પરેસાનીનો ભોગ બની પોતાના બે સંતાનો સાથે સ્વમાનભેર સ્વતંત્ર જીવન નિર્વાહ કરતા હતા. આર્થિક સાંકડામણનો કારણે તેઓ નોકરી સાથે બાકીના સમયમાં સાબુ, પાવડર, પાપડ-મઠિયા વગેરે વેચતા હતા પરંતુ કોઈ બિમાર હોય ત્યારે તેને જરૂરી સેવા તદ્દન નિઃશુલ્ક આપતા હતા. તેઓ દર્દીના ઘરની ચા-કોફી તો દૂરની વાત પાણી સુદ્ધા પીતા નહી. તેમના સેવાકાર્યથી પ્રભાવિત થઈ દિવ્યાબેને તેમને પોતાના જમાઈની સારવાર દરમ્યાન આપી રહેલ સેવાના વળતરરૂપે આ ચીજવસ્તુઓના વેચાણ કાર્યમાં મદદરૂપ થવાનો નિશ્ચય કર્યો. જમાઈની સારવાર ચાલી ત્યાં સુધી તેમણે જશોદાબેન માટે પોતાના સેકટરની સોસાયટીઓમાં ચીજવસ્તુઓ વેચી આપી પરંતુ ત્યારબાદ પણ તેમણે આ કાર્ય ચાલુ જ રાખ્યુ. હવે થતી આવક તેઓ જરૂરિયાતમંદોને મદદરૂપ થવા માટે વાપરવા લાગ્યા. આજે જૈફ વયે પહોંચેલા દિવાબેનનો દિકરો બીઝનેસમેન છે અને પતિ સરકારી નોકરીમાંથી નિવૃત્ત છે. ઘરમાં પુત્રવધુનો સાથ છે અને ''મૂડીનું વ્યાજ'' પણ આંગણે કિલ્લોલ કરે છે. આમ છતાં દિવાબેનની દરરોજ પગપાળા ફરી ચીજવસ્તુઓ વેચાણ પ્રવૃત્તિ હજુ પણ કાર્યરત છે.

દિવાબેનના પતિ ભગુભાઈ પણ શહેરમાં સહયોગ મંડળ નામની સંસ્થાના પ્રમુખપદે કાર્યરત રહી અજોડ સેવા-કાર્યો કરી રહ્યાં છે. દરરોજ સિવિલ હોસ્પિટલ ખાતે જઈ જરૂરિયાતમંદ દર્દીઓને દવા તથા અન્ય માટે મદદરૂપ થવુ, ગરીબ પરિવારોને દર મહિને કરિયાણુ પુરૂ પાડવુ, પગરખા સેવા, ચશ્મા સેવા, વૃદ્ધાશ્રમના વડિલોને દર વર્ષે જાત્રા કરાવવી જેવી અનેક પ્રવૃત્તિઓમાં જોડાયેલા છે. પતિના તમામ એવા કાર્યોમાં પડખે રહેતા દિવાબેન માત્ર ત્રણ ચોપડી ભણ્યા હોવા છતાં હિસાબ રાખવામાં પૂરેપૂરા ચોક્કસ છે. નવરાશના સમયે સતત ''રામનામ'' લખવાની પ્રવૃત્તિ કરતા દિવાબેન પોતાના ઘરે આવેલા કોઈપણ જરૂરિયાતમંદને ક્યારેય નિરાશ નથી કરતા. એટલુ જ નહિ દર વર્ષે શાળાઓ પ્રારંભ થવાના સમયે શહેરથી સાતેક સરકારી પ્રાથમિક શાળાઓમાં જાતે જઈ તમામ બાળકોને નોટબુક, ચોપડા, પુસ્તકો, દફતર, પેન્સિલ, રબર, કંપાસ એવી અભ્યાસમાં જરૂરી તમામ ચીજવસ્તુઓ પુરી પાડ છે. પોતાના સંતાનોમાં પણ સેવાના સંસ્કાર સીંચનાર દિવાબેન તથા ભગુભાઈ કહે છે ''માનવ જીવન મળ્યું છે તો બીજા માટે કંઈક કરી છુટવાની ભાવનાનું ભાથુ બાંધવાની પ્રેરણા અમને અમારા યોગેશ્વર પરિવારના સ્વાધ્યાય કાર્યોમાંથી મળી છે.''

પ્રતિભાવો આવકાર્ય :

Samirtalod@yahoo.com

## ગાંધીનગરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની સુવિધા ઊભી કરવા માંગ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શિક્ષણ માટેનું વિશાળ કેન્દ્ર બન્યુંછે. રાષ્ટ્રીય કક્ષાની વિવિધ યુનિવર્સિટીઓ, શાળા-મહાશાળાઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ ગાંધીનગરમાં સ્થપાયા છે અને તેમાં અંદાજે ૬૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. દેશના વિવિધ રાજયોના તેમજ સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓ આ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવે છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓ માટે શહેરમાં હોસ્ટેલની સુવિધા ઊભી કરવા અનિવાર્યતા હોવાની પ્રબળ માંગ જાગૃત નાગરિક પરિષદે કરી છે.

ગાંધીનગરને સંપૂર્ણ સુરક્ષિત શૈક્ષણિક કેન્દ્ર બનાવવા જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ જયોતિન્દ્ર દવેએ અનુરોધ કરતાં જણાવ્યું છે કે, યુનિવર્સિટી, કૉલેજો, શાળાઓના કેમ્પસમાં જ તેના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની અને તેના કર્મચારીઓ માટે રહેણાંકની વ્યવસ્થા ઊભી કરવામાં આવે તેમજ ગુજરાત સરકાર શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થી હોસ્ટેલ અને સ્ટાફ ક્વાર્ટર બનાવવાનું ફરજિયાત બનાવે. કેટલીક સંસ્થાઓમાં આવી સવલતો છે પરંતુ તમામ સંસ્થાઓ માટે આ સવલતો આપવાનું ફરજિયાત બનાવવામાં આવે તે અનિવાર્ય છે.

જે શૈક્ષણિક સંસ્થાઓ પાસે આ માટે પૂરતી જમીન ઉપલબ્ધ નથી તેમના માટે વિદ્યાર્થી હોસ્ટેલનું સંચાલન શૈક્ષણિક સંસ્થાઓ માટે ફરજિયાત બનવું જોઈએ.

નવી શૈક્ષણિક સંસ્થાઓને મંજૂરી આપતી વખતે જ આ શરતોનો સમાવેશ કરવામાં આવે તેમ કરવા પણ સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે.

## ચિરવિદાય

- સ્વ.વાઘેલા પોપટસિંહ કાળુસિહ - ઉ.વ.૬૦
- સ્વ.દિલીપસિંહ ધીરૂસિંહ મકવાણા - ઉ.વ.૪૨
- સ્વ. જીવીબેન સત્તાભાઈ ઠાકોર - ઉ.વ. ૬૦
- સ્વ. સજનબા ઉદાજી રાણા - ઉ. વ. ૮૦
- સ્વ. દેવેન્દ્ર સુરેશચંદ્ર ક્ષત્રિય - ઉ.વ.૪૧
- સ્વ. છનાજી નાથુજી ડાભી - ઉ.વ. ૮૫